Volume-4, Issue-09, September 2017 ISSN: 2349-7637 (Online)

RESEARCH HUB – International Multidisciplinary Research Journal (RHIMRJ)

Research Paper

Available online at: www.rhimrj.com

# ભારતદેશમાં સહકારી ડેરી ઉદ્યોગઅને તેનો વિકાસ

**ઈશ્વરસિંહ. એસ. રાજપુરોહિત**

---

*"સહકાર એ એક એવી વ્યવસ્થા છે કે જેમાં સામાન્ય રીતે મર્યાદિત સાધનોવાળા લોકો લોકશાહી પ્રદ્ધતિથી નિયંત્રિત વ્યાપારતંત્ર દ્વારા કોઈ સમાન આર્થિક હેતુની સમાન આર્થિક હેતુની પ્રાપ્તી માટે સ્વેછાથી ભેગા મળે છે. અને પોતપોતાની શક્તિ અનુસાર જરૂરી મૂડીમાં ફાળો આપે છે અને નફા-નુકસાનમાં ભાગ લે છે."*- **આંતરરાષ્ટ્રીય મજદૂર સંઘ (I.L.O.)**

**પ્રસ્તાવના:-**

સહકારી ક્ષેત્રે ડેરી ઉદ્યોગોનો વિકાસ ખૂબ જ મહત્વનો છે. આર્થિક રીતે નબળા ખેડુતોને મદદરૂપ થવા માટે સહકારી ક્ષેત્રે ડેરી ઉદ્યોગ ખૂબ જ ઉપયોગી પુરવાર થાય છે, ખેતીની સાથે પૂરક પ્રવૃત્તિ તરીકે પશુપાલનની પ્રવૃત્તિ વિશેષ મહત્વ ધરાવે છે. તેથી ભારતીય ખેડુતોને આર્થિક રીતે મદદરૂપ થવામાં ડેરી ઉદ્યોગોનો વિકાસ થાય તે જરૂરી છે. જો ડેરી ઉદ્યોગની પ્રવૃત્તિને વૈજ્ઞાનિક ઢબે સુસંકલિત કરીને વ્યવસ્થિત રીતે મુકાય તો ખેડૂતોની આર્થિક પરિસ્થિતિમાં સારો એવો સુધારો કરી શકાય છે.

સહકારી પ્રવૃત્તિની શરૂઆત ઈ.સ. 1904માં સહકારી ધિરાણ મંડળીના કાયદાથી સમગ્ર દેશમાં થઈ . ત્યારબાદ આ કાયદામાં થોડા સુધારા વધારા કરી દેશ માટે સહકારી કાયદો ઈ.સ. 1912માં પસાર કર્યો . રાજ્ય સરકારોને ઈ.સ. 1919માં સરકારને લગતા કાયદા કરવાની છૂટ આપવામાં આવી. મુંબઈ સરકારે રાજ્યનો સહકારી કાયદો ઈ.સ. 1925માં પસાર કર્યો.

ઈ.સ. 1929માં આણંદમાં મેસર્સ પોલસન નામની પેઢીએ પોલસન ડેરીની સ્થાપના કરી હતી . આ ડેરી આણંદમાં માખણ બનાવતી અને તેનું નામ પોલસન રાખ્યું હતું. ઈ.સ. 1939ના બીજા વિશ્વયુદ્ધમાં માખણની માંગ વધતાં, આ ડેરી ઉદ્યોગને પ્રોત્સાહન મળ્યું. આથી પોલસન ડેરીનો વ્યાપાર વધ્યો. પરંતુ દૂધના ઉત્પાદનનો લાભ વચગાળાના એજન્ટોને મળતો. ખેડૂતોને તેનો લાભ મળતો ન હતો. આથી ખેડૂતોનું શોષણ ચાલુ રહ્યું હતું.

**સહકારનોઅર્થ:**

**હર્બટ કાલ્વર્ટના મતે** , ''સહકાર એ એવું સ્વૈચ્છિક સંગઠન છે કે જેમાં વ્યક્તિઓ સમાનતાના ધોરણે માનવ તરીકે તેમનાં આર્થિક હિતો પાર પાડવા માટે એકત્ર થાય છે.''

**આંતરરાષ્ટ્રીય મજૂર સંઘ (I.L.O.)ના મતે**, ''સહકાર એ એક એવી વ્યવસ્થા છે કે જેમાં સામાન્ય રીતે મર્યાદિત સાધનોવાળા લોકો લોકશાસન પદ્ધતિથી નિયંત્રિત વ્યાપારતંત્ર દ્વારા કોઈ સમાન આર્થિક હેતુની પ્રાપ્તિ માટે સ્વેચ્છાથી ભેગા મળે છે , પોતપોતાની શક્તિ અનુસાર જરૂરી મૂડીમાં ફાળો આપે છે અને નફા-નુકસાનમાં ભાગ લે છે.''

વિશ્વ વ્યાપાર સંગઠનના સંદર્ભમાં ડેરી ઉદ્યોગ પણ સક્રિય થઈ રહ્યો છે . વર્ષ 2002-03માં ગાયો અને ભેંસોની અનુક્રમે 13.4 કરોડ અને 12.5 કરોડની સંખ્યા સાથે ભારત વિશ્વમાં સૌથી વધુ પશુ વસતિ ધરાવતો દેશ બન્યો છે . વિશ્વની કુલ ભેંસોના 50 ટકા અને કુલ પશુના 20 ટકા પશુ ભારતમાં છે. જે પૈકીની મોટાભાગની દૂધાળ ગાયો અને ભેંસો છે.

**એફ.એ.ઓ. (F.A.O.)ના અંદાજ મુજબ** વર્ષ 1999-2000 થી છેલ્લા ત્રણ વર્ષમાં વિશ્વમાં દૂધ ઉત્પાદનમાં બે (2) ટકાનો ઘટાડો થયો છે. જ્યારે ભારતમાં 4 ટકાનો વધારો થયો છે . વિશ્વમાં કુલ દૂધ ઉત્પાદનમાં ભારતનો હિસ્સો 13 ટકા કરતાં વધુ અને એશિયાના કુલ દૂધ ઉત્પાદનમાં 57 ટકાનો છે. દૂધનું સૌથી વધુ ઉત્પાદન કરતાં પાંચ રાષ્ટ્રો અનુક્રમે આ પ્રમાણે છે. ભારત, અમેરિકા, રશિયા, જર્મની અને ફ્રાન્સ.

વર્ષ 2010-11માં દેશની કુલ ઘરગથ્થુ ઉત્પાદન (GDP) 71,57,412 કરોડ રૂપિયામાં 10,93,806 કરોડ રૂ. ખેતીનો હિસ્સો છે . જેમાં 2,60,300 કરોડ રૂ. (3.6%) હિસ્સો પશુપાલન ક્ષેત્રનો છે.

**ભારતદેશમાં વાસ્તવિક રાષ્ટ્રીય આવકનું ક્ષેત્રીય વર્ગીકરણ (2011-12) (ચાલુ ભાવે) :-**

**પ્રો. સાઈમન, માયર,અને બાલ્ડવિન** નામના અર્થશાસ્ત્રીઓ વાસ્તવિક રાષ્ટ્રીય આવકના વધારાને આર્થિક વિકાસના માપદંડ તરીકે પણ સ્વીકાર કર્યો છે. " કોઈ એક દેશમાં કોઈ વર્ષ દરમિયાન જે વસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થાય છે.આ વસ્તુઓ અને સેવાઓને વર્તમાન કિંમત વડે ગુણીને રાષ્ટ્રીય આવક મેળવવામાં આવે છે."

| ક્ષેત્ર | રકમ (કરોડ રૂ.) | હિસ્સો (%) |
|---|---|---|
| ખેતી-પશુપાલન તથા સંલગ્ન | 16,50,396 | 19.93 |
| ઉદ્યોગ | 19,69,883 | 23.79 |
| સેવા | 46,59,696 | 56.28 |
| કુલ | 82,79,975 | 100.00 |
| સ્રોત : advance estimates (Economics Survey 2011-12) P.A6 | | |

**પ્રાથમિક ક્ષેત્ર :** પ્રાથમિક ક્ષેત્રમાં ખેતી, પશુપાલન અને આદિવાસી વસ્તીની પ્રવૃતિઓનો સમાવેશ કરવામાં આવે છે. જેમાં ખેતી અને પશુપાલનક્ષેત્રે વર્ષ 2011-12 માં 16,50,396 કરોડ રૂપિયા (19.93%) GDP ક્ષેત્રે હિસ્સો હતો.


**દ્રિતિયક્ષેત્ર :** દ્રિતિયક્ષેત્રમાં બાંધકામ વ્યવસાય, વેપાર, ખનીજ તેમજ પાણી, વીજળી, રસ્તાઓ, દવાખાના, અને જનસેવાની પ્રવૃતિઓનો સમાવેશ થાય છે. આ બધી પ્રવૃતિમાં શ્રમ અને મૂડી બંન્નેનો ઉપયોગ થાય છે. જેમાં ઉદ્યોગક્ષેત્રે વર્ષ 2011-12માં 19,69,883 કરોડ રૂપિયા (23.79%) GDP માં હિસ્સો હતો.

**તૃતીય ક્ષેત્ર :**આ ક્ષેત્રમાં મોટા અને ભારે પાયાના ઉદ્યોગોનો સમાવેશ થાય છે. તથા આંતરરાષ્ટ્રીય વેપાર, વાહનવ્યવહાર, સંદેશાવ્યવહાર, દરીયાઈ અને હવાઈ વ્યવહાર, શિક્ષણ, સેવાક્ષેત્ર તેમજ અધતન સુવિધાઓના સર્જનની પ્રવૃતિઓનો સમાવેશ થાય છે. સેવાક્ષેત્રે વર્ષ 2011-12 માં 46,59,696 કરોડ રૂપિયા (56.28% GDP) માં ફાળો હતો.

પ્રસ્તુત ક્ષેત્રમાં 1951 ની તુલનાએ 2011-12 માં ખેતી ક્ષેત્ર અને પશુપાલન ક્ષેત્રે GDP માં ઘટાડો થયને 19.93% થય ગયો છે અને સેવાક્ષેત્રનો વધારો થયો છે. જે સારણી પરથી સાબિત કરી શકાય છે.

**ભારતદેશમાં ખેતીક્ષેત્ર અને પશુપાલનક્ષેત્રે GDP નો હિસ્સો:-**

પ્રસ્તુત અનુંસૂચિમાં ભારત દેશમાં કૃષિ ક્ષેત્રે અને પશુપાલન ક્ષેત્રે રાષ્ટ્રીય આવકમાં ઘટતો જાય છે જે નીચે પ્રમાણે જોઈ શકાય છે.




| | ખેતીક્ષેત્રે GDP | પશુપાલનક્ષેત્રે GDP |
|---|---|---|
| 2000-01 | 22.25 | 5.74 |
| 2001-02 | 22.62 | 5.68 |
| 2002-03 | 20.27 | 5.37 |
| 2009-10 | 15.33 | 3.93 |
| 2010-11 | 15.3 | 3.6 |

| વર્ષ | કુલ GDP | ખેતીક્ષેત્રે GDP | | પશુપાલનક્ષેત્રે GDP | |
|---|---|---|---|---|---|
| | | રૂ. | હિસ્સો % | રૂ. | હિસ્સો |
| 2000-01 | 19030 | 4235 | 22.25 | 1093 | 5.74 |
| 2001-02 | 20910 | 4730 | 22.62 | 1187 | 5.68 |
| 2002-03 | 22495 | 4560 | 20.27 | 1209 | 5.37 |
| 2009-10 | 61332 | 9399 | 15.33 | 2412 | 3.93 |
| 2010-11 | 7157412 | 1093806 | 15.30 | 2603 | 3.6 |
| સ્રોત : GoI, Central Statistical Organisation Dept. of Statistics, 2012 | | | | | |

ભારતદેશમાં આલેખ અને સારણી પરથી જોતા દેશમાં ખેતાક્ષેત્ર અને પશુપાલનક્ષેત્રે GDP માં વર્ષો- વર્ષ ઘટાડો થતો જોવા મળે છે. વર્ષ 2000-01 માં ખેતીક્ષેત્રે GDP માં 22.25 ટકાઅને પશુપાલનક્ષેત્રે 5.74 ટકા હિસ્સો ધરાવતો હતા. તે આ બે ક્ષેત્રનો GDP માં હિસ્સો ઘટીને 2010-11 માં ખેતીક્ષેત્રે 15.3 ટકા એટલે કે એક દસકા દરમિયાન ખેતીક્ષેત્રે 6.95 ટકા GDP માં ઘટાડો થયો છે. અને પશુપાલનક્ષેત્રે 2010-11 દરમિયાન 3.6 ટકા GDP નો હિસ્સો થયો છે, પશુપાલનક્ષેત્રે GDP માં એક દસકા દરમિયાન 2.14 ટકા હિસ્સમાં ઘટાડો થયલો જોવા મળે છે. આ પ્રમાણે દિવસે- દિવસે પ્રાથમિકક્ષેત્રનો હિસ્સો ઘટતો જતો જોવા મળે છે. જેની અસર ખેતીક્ષેત્રે સાથે સંકળાયેલા શ્રમિકોની રોજગારી પર વધારે અસર પડે છે.

### ભારતદેશમાં પંચવર્ષીય યોજનાઓમાં પશુપાલન અને ડેરી વિષયક ખર્ચ (રૂ. કરોડમાં) :

| ક્રમ | યોજના | પશુપાલન | ડેરી | કુલ |
|---|---|---|---|---|
| 1 | સાતમી યોજના (1985-90) | 102.35 | 374.43 | 476.78 |
| 2 | આઠમી યોજના (1992-97) | 305.43 | 818.05 | 1123.48 |
| 3 | નવમી યોજના (1997-2002) | 445.84 | 146.85 | 529.69 |
| 4 | દસમી યોજના<br>2002-03<br>2003-04<br>2004-05<br>2005-06<br>2006-07 | 125.36<br>181.79<br>317.38<br>326.94<br>437.17 | 34.99<br>19.97<br>94.70<br>91.58<br>75.91 | 160.35<br>201.76<br>412.08<br>418.52<br>513.08 |
| 5 | અગિયારમી યોજના<br>2007-08<br>2008-09<br>2009-10<br>2010-11<br>2011-12 | 338.13<br>444.54<br>435.84<br>549.83<br>1243.11 | 111.5<br>98.10<br>85.93<br>57.13<br>131.00 | 449.63<br>542.64<br>521.77<br>606.96<br>1374.11 |
| સ્રોત : GOI, Bulletin of A.H. & D.S. 2010 | | | | |

ભારતદેશમાં સાતમી પંચવર્ષીય યોજનાથી અગ્યારમી પંચવર્ષીય યોજનાઓના પશુપાલન અને ડેરી વિયક ખર્ચ (કરોડ રૂપિયામાં જોતા) પશુપાલન અને ડેરીના ખર્ચમાં વધારો થયેલો જોવા મળે છે. સાતમી પંચવર્ષીય યોજના દરમિયાન પશુપાલન પાછળ 102.35 કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો, જયારે તે વધીને અગ્યામી પંચવર્ષીય યોજનામાં વર્ષ- 2011-12 દરમિયાન પશુપાલન પાછળ 1243.11 કરોડ રૂપિયોનો ખર્ચ કરવામાં આવ્યો હતો. એ જ પ્રમાણે સાતમી પંચવર્ષીય યોજના દરમિયાન ડેરીક્ષેત્રે 374.43 કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો હતો તે વધીને અગ્યારમી પંચવર્ષીય યોજના દરમિયાન વર્ષ- 2011-12 માં 1374.11 કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવ્યો છે. પશુપાલની આવક GDP માં ઘટવા છતા પણ, સરકાર પશુપાલન અને ડેરી ઉદ્યોગ પાછળના ખર્ચાઓ વધારે કરે છે. જેના કારણે પ્રાથમિકક્ષેત્રે રોજગારીમાં વધારો થાય અને ખેડુતવર્ગને રોજગારી મળી રહે છે.

**ગુજરાતમાંસહકારીપ્રવૃત્તિ:**

આઝાદીના સમય પહેલાંથી જ ગુજરાતમાં સહકારી પ્રવૃત્તિનું કામ શરૂ કરવામાં આવ્યું . સહકારી ધિરાણના ક્ષેત્રોમાં (જર્મની અને ઈટાલીમાં) સફળતા મળી તેનાથી માર્ગદર્શન મેળવીને વડોદરા રાજ્યમાં પ્રો . વિઠ્ઠલ લક્ષ્મણરાવ કાવઠેકરે 5 ફેબ્રુઆરી, 1889 ના રોજ ‘અન્યોન્ય સહાયક સહકારી મંડળી ’ની રચના કરી. વડોદરામાં આ મંડળી આજે નાગરિક સહકારી બેંક તરીકે કાર્યરત છે . ત્યારપછી ઈ.સ. 1904ના કાયદા હેઠળ પ્રથમ ખેતી ધિરાણની શરૂઆત દશક્રોઈ તાલુકાના વિલાસપુર ગામમાં થઈ . ઈ.સ. 1909 માં ભરૂચ જિલ્લામાં ‘જંબુસર પીપલ્સ કો-ઓપરેટિવ બેંક’ શરૂ થઈ. પ્રથમ ‘સુતરાઉ કો-ઓપરેટિવ માર્કેટિંગ’ સોસાયટીની રચના ઈ .સ. 1912 માં સુરતના સોનાસ ખાતે થઈ. સહકારી તાલીમ કેન્દ્રની સ્થાપના ઈ .સ. 1929 માં થઈ. જમીન વિકાસ બેંકની રચના ઈ .સ. 1934-35 માં થઈ. ઈ.સ. 1940 માં સુરતના ચોર્યાસી તાલુકામાં પ્રથમ દૂધ વેચાણ કરનાર સહકારી મંડળીનો જન્મ થયો . મુંબઈમાં નોંધવામાં આવેલી આ પ્રથમ દૂધ સહકારી મંડળી હતી. પ્રથમ ખાંડ મંડળીની રચના બારડોલીમાં ઈ.સ. 1955માં થઈ.

**ગુજરાતના સહકારી ડેરી ઉદ્યોગ દ્વારા દૂધ એકત્રીકરણ અને બજાર ક્ષમતા :**

| ક્રમ | વર્ષ | સરેરાશ દૈનિક દૂધ એકત્રીકરણ (લાખ લિટર) | દૈનિક બજાર ક્ષમતા (લાખ લિટરમાં) |
|---|---|---|---|
| 1 | 2001-02 | 47.03 | 19.18 |
| 2 | 2002-03 | 52.25 | 19.41 |
| 3 | 2003-04 | 51.02 | 21.01 |
| 4 | 2004-05 | 58.57 | 22.26 |
| 5 | 2005-06 | 62.51 | 22.82 |
| 6 | 2006-07 | 65.33 | 23.84 |
| 7 | 2007-08 | 73.72 | 26.97 |
| 8 | 2008-09 | 83.91 | 30.58 |
| 9 | 2009-10 | 90.93 | 33.13 |
| 10 | 2010-11 | 94.47 | 34.65 |
| 11 | 2011-12 | 106.10 | 38.83 |
| 12 | 2012-13 | 127.28 | 46.63 |
| 13 | 2013-14 | 131.82 | 54.20 |
| 14 | 2014-15 | 148.20 | 55.52 |
| સ્રોત : GoI, Central Statistical Organisation Dept. of Statistics, 2015 | | | |

ગુજરાત રાજયમાં સહકારી ડેરી ઉદ્યોગ દ્વારા દૂધ એકત્રિકરણ કરતા બજારોની ક્ષમતા જોતા વર્ષ- 2001-02 થી વર્ષ – 2014-15 ના આકડાઓના આધારે જોતા સરેરાસ દૈનિક દૂધ એકત્રિકરણ અને દૈનિક બજાર ક્ષમતા દર્શાવવામાં આવી છે. વર્ષ- 2001-02 માં ગુજરાતમાં સરેરાશ દૈનિક દૂધ એકત્રિકરણ 47.03 લાખ લિટર હતું, જે વધીને વર્ષ- 2014-15 માં સરેરાશ દૈનિક દૂધ એકત્રિકરણ 148.20 લાખ લિટર થયુ હતુ. એટલે કે 2001-02 થી 2014-15 વર્ષના સમયગાળા દરમિયાન 101.17 સરેરાશ દૈનિક દૂધ એકત્રિકરણ લાખ લિટર દૂધમાં વધારો થયો હતો. એજ પ્રમાણે ગુજરાતમાં દૂધની દૈનિક બજાર ક્ષમતા જોતા વર્ષ- 2001-02માં 19.18 લાખ દૈનિક બજાર ક્ષમતા દૂધની હતી જે વધીને વર્ષ- 2014-15માં દૂધની દૈનિક બજાર ક્ષમતા 55.52 લાખ લિટર થઈ હતી. એટલે કે વર્ષ-2001-02 થી વર્ષ- 2014-15 દરમિયાન દૂધની દૈનિક બજાર ક્ષમતા 36.34 લાખ લિટર દૂધમાં ગુજરાતમાં વધારો થયો છે. જે આંકડાઓ પરથી ફલિત કરી શકાય છે.

**સમાપન :**

ભારતદેશમાં સહકારી ડેરી ઉદ્યોગમાં થયેલો વિકાસ જોતા સરકારે પ્રાથમિકક્ષેત્રના વિકાસ કરવા માટે મહત્વનો ભાગ ભજવી રહિ છે જે સાતમી પંચવર્ષીય યોજનાથી માંડીને અગ્યારમી પંચવર્ષીય યોજનાઓના કરેલા ખર્ચાઓ પરથી જોઈ શકાય છે, પરંતુ પ્રાથમિકક્ષેત્ર માંથી પ્રાપ્ત થતી આવકમાં ઘટાડો થતો જોવા મળે છે. પ્રાથમિકક્ષેત્રનો વિકાસ ધીમો થવાથી ખેતીક્ષેત્રે રોકાયેલા શ્રમીકોને રોજગારીની પુરતી તકો ન મળવાથી ગ્રામીણક્ષેત્રની આવકોમાં ઘટાડો થતો જોવા મળે છે જેના કારણે ગ્રામીણ ગરીબીની સમસ્યા દિવસેને-દિવસે વધુ વિકટ બનતી બનતી જાય છે.

## REFERENCES

1. (2011). Retrieved December 22, 2016, from www.Ibid.
2. (જાન્યુઆરી 2004). ગોદર્શન Vol. XVII No.8, ગાંધીનગર.
3. Samar K. Datta and Satish Y. Deodhar. (2001). In Implication of WTO Agreements of India Agriculture. New Delhi, india: Oxford and IBH Publications.
4. www.FAOSTAT. (2011). Retrieved December 15, 2016.
5. advance estimates (Economics Survey 2011-12) P.A6.
6. GoI, Central Statistical Organisation Dept. of Statistics, 2012.
7. બી.ડી. પરમાર&અન્ય. (2012-13). વિકાસઅનેપર્યાવરણનુંઅર્થશાસ્ત્ર-૧.સી. જમનાદાસનીકંપની, શાહીબાગરોડ, અમદાવાદ.
8. ભરતભાઈ એમ. પરીખ. (2007-08). સહકાર. મયૂર પ્રકાશન , મહાલક્ષ્મી ચાર રસ્તા, પાલડી, અમદાવાદ ,ગુજરાત રાજય.